# ધંધુકા હાઈવે પર આઈસર અને કાર ટકરાતા પના મોત

## સરખેજના બે વ્યક્તિઓ પણ શિકાર થયા : આઈસર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી પોલીસ દ્વારા ઉંડી તપાસ શરૂ

અમદાવાદ, તા.૧૮

અમદાવાદ-ધંધુકા હાઈવે પર ગમારા છાત્રાલય નજીક ગઈકાલે મોડી રાત્રે આઈશર ચાલકે ઈકો ગાડીને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં ઈકોકારમાં બેસેલા પાંચ લોકોના કમકમાટી ભર્યા મોત થયા હતા જ્યારે અન્ય ત્રણ વ્યક્તિઓને ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્ત ત્રણ વ્યક્તિઓને સારવાર અર્થે ધંધુકા આર એન એસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાની જાણ ધંધુકા પોલીસને જાણ કરતાં તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આવ્યા હતા અને તપાસ શરૂ કરી હતી. આ અકસ્માતમાં ઈકોકારનો કચ્ચરઘાણ વળી ગયો હતો. આ ઘટના બાદ આઈશર ટ્રક ચાલક ફરાર થઈ ગયો હતો. હાલ, પોલીસે મૃતકોના મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે ધંધુકાના આરએનએસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મૃતકોમાં બે અમદાવાદના બે વીસનગર, ખેરાલુના અને અય એક પુરુષનો સમાવેશ થાય છે.

આ અંગે ધંધુકા પોલીસે આઈશર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધી તપાસ હાથ ધરી છે. પોલીસ સુત્રો મુજબ, શહેરના સરખેજ વિસ્તારના ગાયત્રીનગર ખાતે રહેતા અને મૂળ બરવાળાના ત્રિવેણી બહેન કુલદીપભાઈ મુંધવા તેમના પતિ કુલદીપભાઈ અને સસરા વજુભાઈ મુંધવા સાથે ગઈકાલે બર વાળા ખાતે સામાજિક પ્રસંગમાં ગયા હતા. ત્યારબાદ ગઈકાલે મોડી રાત્રે તેઓ અમદાવાદ પરત આવવા પેસેન્જર ઈકો ગાડીમાં બેઠા હતા. ત્યારબાદ ઈકોકાર ગમારા છાત્રાલય નજીકથી પસાર થઈ રહી હતી. તે દરમ્યાન સામેથી પુરપાટે આવેલી આઈશરે ઈકોકારને ટક્કર મારી હતી. ટક્કર મારતા ઈકોકાર ત્રણથી ચાર વખત પલટી ગઈ હતી. આ ઘટનામાં ઈકોકારમાં બેસેલા પાંચ વ્યક્તિઓના ઘટનાસ્થળે જ કમકમાટી ભર્યા મોત નિપજ્યા હતા. જ્યારે અન્ય ત્રણ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે ધંધુકાના આરએમએસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાની જાણ ધંધુકા પોલીસને જાણ કરતાં તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આવ્યા હતા અને તપાસ શરૂ કરી હતી. આ અકસ્માત બાદ આઈશર ચાલક ફરાર થઈ ગયો હતો. અકસ્માત ટાયર ફાટવાથી અથવા સ્ટેયરિંગ પરથી કાબુ ગુમાવતા સર્જાયો હોવાનું પોલીસ પ્રાથમિકમાં જાણવા મળ્યું હતું. હાલ પોલીસે મૃતકોના મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ અંગે પોલીસે આઈશર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી પકડવા તજવીજ હાથ ધરી છે.



### આ કમનસીબ શ્વાનોને મળી વફાદારીની સજા

આ દ્રશ્યમાં દેખાતા ઉંચી બ્રીડના શ્વાનને તેમના માલિકે ત્યજી દીધા છે. નાનકડું ડેશહાઉંડ બ્રીડનું નાનકડું શ્વાન લકવાગ્રસ્ત થઈ જતાં અમદાવાદના ડ્રાઈવીંગ રોડ પાસે તેના કઠોળ હૃદયના માલિકે તેને ત્યજી દીધું હતું. તે જ રીતે પાછળ દેખાતું ડાલમેશિયન પ્રિમિયમ બ્રીડનું બિમાર શ્વાન શહેરના શાહીબાગ વિસ્તારમાંથી દયનીય સ્થિતિમાં એનિમલ હેલ્પલાઈનના કાર્યકર ધર્મેશભાઈએ બચાવી લીધું હતું. આ બંને શ્વાનની સારસંભાળ એનિમલ હેલ્પલાઈનના કાર્યકરો લઈ રહ્યા છે.સવાલ એ થાય છે કે, જુદી-જુદી પ્રિમિયમ બ્રીડના મોંઘા શ્વાન ખરીદીને પાળવાનો શોખ ધરાવતા લોકો કેમ નિર્દયી બની આવા બિમાર કે અસક્ષમ શ્વાનને ત્યજી દે છે?

## અમદાવાદમાં રક્ષાબંધનની પરંપરાગત ઉજવણી કરાઈ

### સવારથી જ મિઠાઈઓ અને રાખડીઓની દુકાનમાં જંગી ભીડ જામી : આધુનિક સમયમાં કિંમત ભેટનો ક્રેઝ વધ્યો

અમદાવાદ,તા. ૧૮

સમગ્ર ભારતની સાથે સાથે ગુજરાત અને અમદાવાદમાં પણ પરંપરાગતરીતે આજે રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. સવારથી જ રક્ષાબંધન પર્વની ઉજવણીનો દોર શરૂ થઈ ગયો હતો. છેલ્લા કેટલાક દિવસથી રક્ષાબંધન પર્વને લઈને રાખડીની ખરીદીનો માહોલ હતો.

આજે પણ સવારમાં ખરીદીનો માહોલ જોવા મળ્યો હતો. પોલીસ કર્મચારીઓને રાખડી બાંધવાનો પર્વ પણ હાલમાં યોજાયો હતો. લાખો ભાઈબહેનો રક્ષાબંધન પર્વની આજે પરંપરગતરીતે ઉજવણી કરી હતી. જુદા જુદા પોલીસ સ્ટેશનો અને ટ્રાફિક જંક્શનો ખાતે વિવિધ શહેરની સંસ્થાઓ દ્વારા અને સ્કૂલો દ્વારા ગઈકાલે જ આની ઉજવણી કરવામાં આવી હતી. બીજી બાજુ આજે સવારથી જ રક્ષાબંધન પર્વની ઉજવણી શરૂ થઈ હતી. વહેલી સવારે જ લોકો ઉઠી ગયા હતા. મિઠાઈઓ અને રાખડીની મોટી દુકાનો ઉપર ખાસ ભીડ જોવા મળી હતી. પરંપરાગતરીતે બહેનો પોતાના ભાઈના ઘરે પહોંચીને રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી. આજે શહેરભરમાં કરોડો રૂપિયાની મિઠાઈ અને ફરસાણોનું વેચાણ કરવામાં આવ્યું હતું. મિઠાઈઓ અને રાખડીની દુકાનો શણગારેલી રહી હતી. તાજેતરના સમયમાં જુદી જુદી ગિફ્ટ બહેનોને આપવાનો ક્રેઝ રહ્યો છે જેમાં ડ્રાયફ્રુટ, મોબાઈલ અને અન્ય કિંમતી ચીજનો સમાવેશ થાય છે. મિઠાઈઓના ભાવમાં તીવ્ર વધારો તહેવારને ધ્યાનમાં લઈને કરવામાં આવ્યો હતો પરંતુ આજે તહેવારના દિવસે લોકોએ મોંઘવારીની ચિંતા કર્યા વગર ઉત્સાહપૂર્વક ખરીદી કરી હતી. નાના બાળકોના છોટાભીમ, ડોરેમોન અને અન્ય કાર્ટુન પાત્રોની રાખડીઓનું વર્ચસ્વ રહ્યું હતું.



### હૃદયસ્પર્શી રક્ષાબંધન

આંખો ભીંજવી નાંખે તેવી હૃદયસ્પર્શી રક્ષાબંધનની વિધી અમદાવાદના મણિનગર વિસ્તારમાં રહેતા વિજય કેલ્લા પરિવારના નિવાસસ્થાને યોજાઈ. જેમાં આ પરિવારની પનહા અને તેનો ૧ વર્ષનો ભાઈ ધનરાજે તેમના જીવનના પ્રથમ રક્ષાબંધનની ઉજવણી કરી.તેમની માતાના ખોળામાંથી રક્ષાબંધન કરતા આ ભાઈ-બહેન સમક્ષ ભગવાનના સ્થાન પાસે કેલ્લા પરિવારના એક કમનસીબ ભાઈ હિમાંશુની તસવીર મુકવામાં આવી જે તેના જીવનનું માત્ર એક રક્ષાબંધનની ઉજવણી કરી કુમળી વયે મૃત્યુ પામ્યો હતો. પરંતુ કેલ્લા પરિવાર તેમના વ્હાલસોયા હિમાંશુને દરવર્ષે રક્ષાબંધન વિધિમાં સામેલ કરે છે. અને તેની છબી સમક્ષ રાખડી મૂકી ભાવાંજલી અર્પે છે. રક્ષાબંધનનું આ હૃદયદ્રાવક દશ્ય જોઈ એટલું ચોક્કસ કહી શકાય કે, ભાઈ-બહેનનો પ્રેમ અમર છે.

## હવે ભારતની ટોપ ટેન ફાર્મા બ્રાન્ડમાં ઝાયડસનો સમાવેશ

અમદાવાદ, તા.૧૮

અમદાવાદ શહેર સ્થિત ફાર્મા કંપની ઝાયડસ કેડિલા ભારતની ૧૦ સૌથી પ્રતિષ્ઠિત ફાર્મા બ્રાન્ડમાં સ્થાન મેળવી લેવામાં સફળ રહી છે. ગુજરાત સ્થિત બ્રાન્ડ પણ સૌથી પ્રતિષ્ઠિત બ્રાન્ડની યાદીમાં સામેલ થઈ ગઈ છે. અન્ય બ્રાન્ડ પણ આ યાદીમાં સ્થાન મેળવી ગઈ છે. અમદાવાદની આ કંપની ભારતની સૌથી સન્માનિત ફાર્મા બ્રાન્ડમાં સાતમાં ક્રમાંક ઉપર છે. ગુજરાતની અન્ય પાંચ કંપનીઓ પણ આ યાદીમાં સ્થાન મેળવી ગઈ છે. યાદીમાં કુલ ૫૮ પ્રતિષ્ઠિત બ્રાન્ડની કંપનીઓ સામેલ છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, જુદા જુદી બાબતોને ધ્યાનમાં લઈને બ્રાન્ડની પસંદગી કરવામાં આવી છે. ગુજરાતની જે બ્રાન્ડ પ્રતિષ્ઠિત બ્રાન્ડની યાદીમાં સામેલ છે તેમાં ટોરેન્ટ પાવર, અલેમ્બિક ફાર્મા, ઈન્ટાસ ફાર્મા, ડિસ્મન અને પારસનો સમાવેશ થાય છે.

ભારતના મોસ્ટ રેપ્યુટેડ ફાર્મા બ્રાન્ડ રિપોર્ટ ૨૦૧૬માં આ કંપનીઓની યાદી જારી કરવામાં આવી છે. બ્રાન્ડ ઈન્ટેલીજન્સ કંપની ટીઆરએ સાથે મળીને બ્લુબાઈટ્સ દ્વારા અહેવાલ જારી કરવામાં આવ્યો છે. ટોરેન્ટ ફાર્મા યાદીમાં ૧ ૩માં ક્રમાકે અને અલેમ્બિક ફાર્મા ૨૮માં ક્રમાંક ઉપર છે. ઝાયડસ કેડિલાની છ દશકથી મજબૂત બ્રાન્ડ તરીકે રહી છે. ઝાયડસ સખત મહેનત અને સતત ગુણવત્તાવાળી બ્રાન્ડ તરીકે ઉભરી રહી છે. પારસ ફાર્મા, એલેમ્બિક ફાર્મા જેવી ટોચની કંપનીઓ સતત આગેકૂચ કરી રહી છે. ૨૦૨૦ સુધી ભારતમાં અન્ય ફાર્મા કંપનીઓ પણ આગેકૂચ કરી જાય તેવી શક્યતા છે.

## હિંમતનગરમાં ફોટો-વીડિયોગ્રાફરોનો વર્કશોપ યોજાયો

હિંમતનગર, તા.૧૮

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરની સ્ટાર સીટી ખાતે બુધવારે સી.જી.પી.ટી.આઈ. અમદાવાદ તેમજ સાબરકાંઠા જિલ્લાના ફોટો વીડિયો એસોસીએશનના સહયોગથી ફોટોશોપ-લાઈટરૂમ અંગે સમજ આપવા માટે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ વર્કશોપમાં ઉદેપુરના સ્વપ્રિલ રામાણીએ ઉપસ્થિત રહી આ વર્ષે ગાંધીનગરના મહાત્મા મંદિરમાં યોજાનાર ફોટો પ્રદર્શનમાં જે નવીન ટેકનોલોજી રજુ થવાની છે તે અંગે સભ્યોને જાણકારી આપી હતી. આ વર્કશોપમાં ૨૫૦થી વધુ ફોટો અને વીડિયો ગ્રાફરોએ ભાગ લીધો હતો. વર્કશોપને સફળ બનાવવા કિશોરભાઈ રૂપારેલીયા, સંજયભાઈ પટેલ, એનલભાઈ પટેલ સહિત અન્ય સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

### કાંશ્ય ચંદ્રક

● અનુસંધાન પહેલાનું ચાલુ

ક્વાર્ટર ફાઈનલ અને મેડલ વચ્ચે બે કલાકના ગાળામાં તે થોડાક સમય માટે આરામ કરવા માટે પહોંચી ગઈ હતી. કોચે તેનો આત્મવિશ્વાસ વધાર્યો હતો. સાથે સાથે ચન્દ્રકની આશા જીવંત રાખી હતી. સાક્ષીએ કહ્યુ હતુ કે ક્વાર્ટર ફાઈનલમાં જો તે થોડીક વધારે સાવધાન રહી હોત તો રશિયાની કુસ્તીબાજ વેલેરિયોને હાર આપી શકી હોત. કેટલાક લોકોને પ્રશ્ન થાય છે કે રેપશાજ શુ છે. તો આનો જવાબ છે કે જે કુસ્તીબાજ સામે તમે હારી જાવો છો અને તે ફાઈનલમાં પહોંચી જાય છે તે તમને એ તમામ કુસ્તીબાજને હાર આપવી પડશે જેન હરાવીને તમે ફાઈનલ સુધી પહોંચી ગયા છો. જો આવુ કરવામાં સફળ રહો છો તો આપને બ્રોન્જ મેડલ આપવામાં આવે છે. રિયો ઓલિમ્પિકમાં છેલ્લા ૧૧ દિવસથી રમતમાં કોઈ ચન્દ્રક ન મળતા ભારતીય છાવણીમાં હાલમાં ભારે નિરાશા પ્રવર્તી રહી હતી. ૨૩ વર્ષીય રોહતકની સાક્ષીએ નવો ઈતિહાસ સર્જયો છે. તે આ સિદ્ધી મેળવી લેનાર માત્ર ચોથી ભારતીય બની છે. ભારત તરફથી અગાઉ ઓલિમ્પિકમાં વર્ષ ૨૦૦૦માં વેઈટલિફ્ટર મલેશ્વરી, બોક્સર મેરી કોમ અને બેટમિન્ટન સ્ટાર સાઈના નહેવાલ ચન્દ્રક જીતી શકી છે. ૨૩ વર્ષીય સાક્ષીએ કહ્યું હતું કે, યોગેશ્વર દત્ત અને સુશીલકુમાર તેમના આદર્શ કુશ્તીબાજ છે. બંને ઓલિમ્પિકમાં જીતી ચુક્યા છે જેથી તેને ખુશી છે. કર્ણમ મલેશ્વરી, સાયના નેહવાલ ભારતીય સ્ટાર ખેલાડી બનવામાં સફળ થઈ ચુકી છે. કુશ્તીમાં આ અગાઉ જી જાદવે ૧૯૫૨માં કાંસ્ય જીતવામાં સફળતા મેળવી હતી જ્યારે સુશીલ કુમારે ૨૦૦૮ બેજિંગમાં કાંસ્ય જીતવામાં સફળતા મેળવી હતી.

### સર્વોચ્ચ પ્રાથમિકતા

● અનુસંધાન પહેલાનું ચાલુ

કાર્યકરો એકતા સાથે જોડોયલા રહ્યા છે. વડાપ્રધાને કહ્યું હતું કે, કેટલાક પાર્ટીના ઉમેદવારોએ ઘણીબધી ચૂંટણીમાં ડિપોઝિટ ગુમાવી છે પરંતુ વર્કરોની કામગીરીને કોઈ અસર થઈ નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે, ભાજપ કોઈપણ એક નેતા, વડાપ્રધાન અથવા મુખ્યમંત્રીની બનેલી નથી. ભાજપ કાર્યકરોની પાર્ટી છે. આજ કારણસર આજે અમે આ ઉંચાઈ ઉપર પહોંચ્યા છે. પ્રતિકુળ સમયનો સામનો પણ ભાજપે કર્યો છે. ઘણા બધા ફેરફારો પણ થયા છે. અપમાનોનો સામનો પણ કર્યો છે. વિપક્ષમાં પણ અમે રહી ચુક્યા છે પરંતુ અમારા વિચારો સાથે બાંધછોડ કરવામાં આગળ આવ્યા નથી. વડાપ્રધાને કહ્યું હતું કે, જ્યારે પણ ભાજપે સરકારની રચના કરી છે ત્યારે શ્રેષ્ઠ દેખાવ રહ્યો છે. અટલ બિહારી વાજપેયીએ દિલ્હીમાં દાખલો બેસાડ્યો હતો. રાષ્ટ્રના નિર્માણમાં ભાજપની મોટી ભૂમિકા રહી છે. રાષ્ટ્ર નિર્માણ જ અમારી મુખ્ય પ્રાથમિકતા રહી છે. વિશ્વને અમે આ બાબત પણ દર્શાવી છે કે, એક સાચી લોકશાહી પાર્ટી કાર્યકરો દ્વારા જ ચલાવવામાં આવે છે. આજે આયોજિત કાર્યક્રમમાં અડવાણી, અમિત શાહ પણ ઉપસ્થિત રહ્યા હતા. નવી ઓફિસ ડિસેમ્બર ૨૦૧૮ સુધી તૈયાર થઈ જશે. હાલમાં ભાજપ નવી દિલ્હીમાં અશોકા રોડ ખાતે બંગલાથી કામ કરે છે.

### ત્રાસવાદી ઘુસ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

બીજા વિસ્તારમાં અવર જવર કરી રહ્યા છે. એમ માનવામાં આવે છે કે ત્રાસવાદી સંગઠન હિજબુલના કમાન્ડર બુરહાન વાનીના આઠમી જુલાઈના દિવસે મોત થયા બાદ ખીણમાં જારી હિંસા અને વિરોધ પ્રદર્શનનો લાભ લઈને ત્રાસવાદીઓ ઘુસણખોરી કરી ગયા છે. બુધવારે પણ હિજબુલના ત્રાસવાદીઓએ સુરક્ષા કાફલા પર છુપો હુમલો કર્યો હતો. જેમાં ત્રણ સુરક્ષા જવાન શહીદ થયા હતા. અધિકારીઓએ કબુલાત કરી છે કે અલગતાવાદી વિરોધ પ્રદર્શનના કારણે સ્થિતી ખુબ વિસ્ફોટક થયેલી છે. બુધવારના દિવસે કરવામાં આવેલા હુમલાના જવાબદારી હિજબુલ દ્વારા લેવામાં આવી છે. તેના પ્રવકતાએ કહ્યુ છે કે કમાન્ડર સૈફુલ્લા ખાલિદે સુરક્ષા સ્થળો પર હુમલા તીવ્ર કરવા માટે સુચના આપી છે. પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરના વિસ્તારમાંથી ૬૦ ત્રાસવાદીઓ ભારતીય સરહદમાં ઘુસી ગયા છે. જો કે સેનાએ કેટલીક જગ્યાએ ઘુસણખોરો કરી રહેલા ત્રાસવાદીઓને ખદેડી પણ મુક્યા છે. ઘુસણખોરીનો પ્રયાસ કરી રહેલા ત્રાસવાદીઓ સુરક્ષા જવાનોની કાર્યવાહીમાં ઠાર પણ થયા છે. મંગળવારના દિવસે પાંચ ત્રાસવાદીઓને ખદેડી મુકવામાં આવ્યા હતા. ત્રાલમાં હિજબુલના ત્રાસવાદી કાશ્મીરી યુવાનોને તાલીમ પણ આપી રહ્યા છે. જમ્મુ કાશ્મીરમાં મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ ઘુસી ગયા બાદ સુરક્ષા વ્યવસ્થા વધુ વધારવામાં આવી રહી છે. સાથે સાથે કટ્ટરપંથીઓની ગતિવિધિઓ ઉપર નજર રાખવામાં આવી રહી છે. ત્રાસવાદીઓ પ્રત્યે સહાનુભૂતિ ધરાવનાર લોકો ઉપર પણ નજર રાખવામાં આવી રહી છે.

### પેટર્નમાં બદલાવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વળ્યા છે. જો કે જિલ્લાના ભૌગોલિક પરિબળોના જાણકારોનું કહેવું છે કે બે દસકા બાદ ખેડૂતો પુનઃ કઠોળની ખેતીમાં જોતરાયા છે. જિલ્લાની જમીન પણ કઠોળ પાક માટે સારી ગણવામાં આવે છે.

જિલ્લામાં ખેતી ક્ષેત્રે આ વખતે નવા પ્રયોગો વધુ જોવા મળ્યા છે એવુ એટલે કહી શકાય કે મગફળીનું વાવેતર વધ્યુ છે તો બીજી તરફ શાકભાજીના પાકો અને બાગાયતી પાકોમાં પણ ટીસ્યુ કલ્ચરની ખેતીમાં ખેડૂતો આકર્ષાયા છે.

પરવરની ખેતી ટીસ્યુ કલ્ચરથી કરવામાં આવી રહી છે. ગાંધીનગર તાલુકાના શિવપુરા કંપામાં ટીસ્યુ કલ્ચરલના પરવરની ખેતી થઈ છે.

આ ઉપરાંત ઘાસચારાના પાકનું વાવેતર પણ સારૂ એવું નોંધાયું છે. તુવર અને મઠ કરતાં અડદ અને મગનું વાવેતર જિલ્લામાં સારૂ એવું નોંધાયું છે.

### સર્વે હાથ ધરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જો કે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. ત્યારે કોર્પોરેશન દ્વારા નાણાંકીય જોગવાઈના આધારે સેકટરોના આંતરિક માર્ગોનુ કામ હાથ ધરવામાં આવે તેવી સંભાવના છે. વરસાદી દિવસોમાં સેકટરોના માર્ગોનુ ધોવાણ થતા હાલ વાહનચાલકોને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. માર્ગો પર સતત ડામરની ડમરીઓ ઉડતા રાહદારીઓ પરેશાની વેઠી રહયા છે. ત્યારે આગામી મહીના દરમિયાન શહેરમાં માર્ગોની નુકશાની અંગે સર્વે હાથ ધરવામાં આવશે. ત્યારબાદ રસ્તાઓનુ સુધારણાનુ કામ હાથ ધરાશે.





